## " સાફલ્યગાથા "

## તા.૦૧/૦૯/૨૦૧૪ થી ૦૭/૦૯/૨૦૧૪

**મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.**

- ❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.
- ❖ બારડોલી પો.સ્ટે. ગુમ જા.જો.નં. ૨૨/૨૦૧૪ ના કામે ગુમ થનાર - હેમન્તભાઇ હસમુખભાઇ પટેલ ઉવ.૩૨ રહે.શીવસાંઇ રેસીડેન્ટ બારડોલી તા.બારડોલી નાઓ તા.૦૩/૦૯/૨૦૧૪ રોજ પર મળી આવેલ છે.

### જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

- ❖ બારડોલી પો.સ્ટે ।- ૨૦૯/૦૧૪, ઇ.પી.કો. કલમ- ૩૫૪, ૩૨૩, ૫૦૪, મુજબ, ના ગુનાના કામે રમેશભાઇ હીરાચંદ જાની રહે. બારડોલી, હીરાચંદ નગર તા. બારડોલી જી. સુરત. નાઓને ૦૧/૦૯/૦૧૪, કલાક- ૨૦/૧૫.વાગે અટક કરેલ છે.
- ❖ બારડોલી પો.સ્ટે ।- ૨૧૦/૦૧૪, ઇ.પી.કો. કલમ- ૩૭૯, ૧૧૪, મુજબ, ના ગુનાના કામે સુધાકર રઘુનાથ પુરી રહે. લિંબાયત, શીવકૃપા માધવ નગર ગેટની સામે, સુરત શહેર (૨) વિરાજ ઉર્ફે વિરૂ રાજુભાઇ ખંડોરે રહે. લિંબાયત, મંગલ ભવન સોસાયટી પાસે, સુરત શહેર. નાઓને ૦૨/૦૯/૦૧૪, કલાક- ૧૬/૦૦. વાગે અટક કરેલ છે.
- ❖ બારડોલી પો. । 210/2014 ઈ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ ના ગુનાના કામે અરૂણભાઇ તારાચંદ પાટીલ રહે. ઉધના, મહાપ્રભુ નગર, સંજય નગરની પાસે, મકન નં. ૯૬, ભાવસાર નાં મકાનમાં, સુરત શહેર.. નાઓને ૦૩/૦૯/૦૧૪, કલાક ૨૦/૦૦ વાગે અટક કરેલ છે.

### ભાડુઆત જાહેરનામા અંગે થયેલ કામગીરી

તાજેતરમાં ગણેશોત્સવ શરૂ હોય જીલ્લા વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી નાઓની સુચના મુજબ મે.જીલ્લા કલેકટરશ્રી સુરત નાઓ તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાં અનુસંધાને જીલ્લા વિસ્તારમાં આવેલ મકાન/દુકાન/ઓફિસ ભાડે આપવામાં આવેલ હોય તેવા મકાન/દુકાન/ઓફિસના માલિકો દ્વારા ભાડુઆતની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજીયાત કરવાની હોય છે. અને જો આવી જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં ન કરવામાં આવેલ હોય આવી મિલ્કતોના માલિકો વિરૂધ્ધ જાહેરનામા ભંગ અન્વયેની કાયદેસર કાર્યવાહી કરવા સારૂ **તા.૩૧/૦૮/૨૦૧૪ થી તા.૦૨/૦૯/૨૦૧૪ સુધી દિન-૩ ની ઝુંબેશ પોલીસ અધિક્ષકશ્રીની સુચનાથી સ્પેશીયલ ઓપરેશન ગૃપ અને પોલીસ સ્ટેશનો દ્વારા કુલ-૯૨ કેસો શોધી કાઢી** આવી મિલ્કતોના માલિકો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અસરકારક કામગીરી કરવામાં આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રીએ આવી મિલ્કતોના માલિકોને પોતાની મિલ્કત ભાડે આપેલ હોય તો તેની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં તુરંત જ કરવા સખત સુચના આપેલ છે.

## બારડોલીમાં ગણેશ મંડળના આયોજકો સાથે પોલીસની બેઠક

# કૃત્રિમતળાવમાંપીઓપીની પ્રતિમાઓનું વિસર્જન કરો

### તાલીમબદ્ધ વીડિયોગ્રાફરો અને સીસી કેમેરાથી શુટીંગ કરાશે

ભાસ્કર ન્યૂઝ. બારડોલી

આનંદ ચૌદસના દિવસે ગણેશ વિસર્જન સંદર્ભે જિલ્લા પોલીસવડાએ બારડોલી નગરના ગણેશ મંડળોના આયોજકો સાથે શાંતિ સમીતીની મિટિંગનું આયોજન કર્યું હતું. જેમાં વિસર્જન શાંતિ પૂર્ણ માહોલમાં સંપન્ન કરવાની અપીલ કરી હતી. આ સાથે વિસર્જનમાં પોલીસ એક દિવસ થર્ડ એમ્પાયરનો રોલ ભજવશે. તાલીમબદ્ધ કરાયેલા વીડિયો ગ્રાફરો દ્વારા શુટીંગ કરાશે, જેમાં કોઈ પણ રીતે કાયદા વિરુદ્ધ જણાશે તો બીજાદિવસે સખ્ત કાર્યવાહી કરવા પણ પોલીસવડાએ જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પોલીસવડા પ્રદીપ સેજુળે વધુમાં જણાવતાં ગણેશ ઉત્સવ ધાર્મિક ઉત્સવ નહીં પરંતુ સાંસ્કૃતિક ઉત્સવ હોવાનું જણાવ્યું હતું. ઘણી વખત આ ઉત્સવમાં નાચવા બાબતે ઝઘડો થાય એ બાબતનું ખરેખર દુઃખ થાય છે. આ વખતે ગણેશ વિસર્જનનો એક દિવસ તમારો બાકીના દિવસો પોલીસના રહેવા અંગે જણાવ્યું હતું.

વિસર્જન સમયે વીડિયોગ્રાફી અને સીસી કેમેરા કંઈ પણ શંકાસ્પદ હીલચાલ જણાશે તો બીજા દિવસે પોલીસ શોધી શખ્ત કાર્યવાહી કરવા અંગે જણાવ્યું હતું. બારડોલી નગરની પ્રજા શાંતિપ્રીય જનતા છે. શાંતિથી વિસર્જન ચાલશે તો હું તમને અત્યારથી આશ્વાસન આપું કે પોલીસ કોઈ લાઠીચાર્જ જેવા પગલાં ભરશે નહીં. આ વખતે પીઓપીની મૂર્તિ અંગે સરવે કામગીરી થઈ છે. મોટી પ્રતિમાઓ હશે તો નોંધ કરી રિપોર્ટ તૈયાર કરવા અંગે પણ જણાવ્યું હતું. શાંતિ સમિતીની

### નિવેદન મુદ્દે થોડી ગેરસમજ

**શાંતિ** સમિતીની મળેલી બેઠકમાં પ્રથમ પાલિકાના ઈન્ચાર્જ પ્રમુખ મીનાબહેન ટેલરના નિવેદન સમયે સમજ ફેર થતાં થોડા સમય માટે હોલમાં વાતાવરણ ઉગ્ર બન્યું હતું, પરંતુ બાદમાં સમજફેર દૂર થતાં વાતાવરણ શાંત થઈ ગયું હતું. બેઠકમાં થયેલા સૂચન મુજબ પીઓપી મૂર્તિની પરમીશન બાબતે સરકારી તંત્ર સામે જ આક્ષેપ થયા હતાં. આ અંગે જિલ્લા પોલીસવડાએ ધર્મને લગતા દેશમાં કોઈ કાયદો ન હોવાનું જણાવ્યું હતું. અંતે પાણી અને પર્યાવરણની જાળવણી કરવા કૃત્રિમ તળાવમાં પીઓપીની પ્રતિમાઓનું વિસર્જન કરવાની અપિલ કરી હતી.

# મઢી ગામે લોકદરબાર :શ્રીજી વિસર્જન સહિતના મુદ્દા ચર્ચાયા

સુરત, તા. ૩૧

બારડોલી તાલુકાના મઢી ગામે રવિવારે બારડોલીના પોલીસ ઈન્સ્પેકટર સગરની ઉપસ્થિતિમાં પોલીસ તંત્રનો લોકદરબાર યોજાયો હતો. જેમાં ટ્રાફિક, ગણેશ વિસર્જન, ભેલાણ તથા સલામતિનો પ્રશ્ન ચર્ચાયો હતો. લોકદરબારમાં ઊઠેલા તમામ પ્રશ્નોના ઉકેલ અંગે સહકાર આપવાની ખાતરી પોલીસ અધિકારીએ આપી હતી. આ સાથે જ ગણેશ વિસર્જન યાત્રા સુપેરે પાર પાડવા પણ આયોજકો સાથે ચર્ચા વિચારણા કરી ચુસ્ત બંદોબસ્ત ગોઠવવાની ખાતરી અપાઈ હતી. મઢી ખાતે રવિવારે પોલીસનો લોકદરબાર પો.ઈ. સગરની હાજરીમાં યોજાયો હતો. જેમાં ગણેશ મંડળના આયોજકો, સરપંચ સાવંત ચૌધરી, રાજકીય તથા સામાજિક આગેવાન રાજીવ વ્યાસ, એએસઆઈ બિપીનભાઈ તથા ગામના આગેવાનોએ પણ હાજરી આપી હતી. લોકદરબારમાં ગામમાં ટ્રાફિકનો પ્રશ્ન

### ચોરીના વધતા બનાવોથી સલામતિનો પ્રશ્ન પણ ઊઠ્યો

ચર્ચામાં આવતા પોલીસે વાહનચાલકોને ધીમી ગતિએ વાહન હંકારવા ઉપરાંત હાઈસ્કૂલ પાસે બમ્પ મુકાવવા કાર્યવાહી કરાવવાની ખાતરી આપી હતી. આ ઉપરાંત આઉટ પોસ્ટની જગ્યા માટે પણ ચર્ચા થઈ હતી. વધુમાં ગત કેટલાક સમયથી ચોરીના બનાવો વધી રહ્યો હોય, લોકોએ સલામતિનો પ્રશ્ન રજૂ કરી પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવાની માંગ કરી હતી. આ ઉપરાંત આઉટ પોસ્ટ માટે જગ્યાનો મુદ્દો પણ ચર્ચાયો હતો. આ તકે પોલીસે લોકોને ધીમે વાહન હંકારવા અપીલ કરી હતી. તેમજ ઉપસ્થિત ગણેશ મંડળના આયોજકોને શાંતિપૂર્વક ઉત્સવ ઉજવવા અને વિસર્જન યાત્રાને સુપેરે પાર પાડવા તાકીદ કરી હતી.